" શ્રી દ્રોણેશ્વર મહાદેવ "
મુ. દ્રોણ તા. ઊના જી. જુનાગઢ

# ઈતિહાસનું સોનેરી પાનું - આપણો ઈતિહાસ

**રૂષિતોય ::-** સ્કંદ પુરાણ ખંડમાં ઉલેખીત નદી આ તે આજની ઉના તાલુકાની મચ્છુન્દ્રી નદી.

**મચ્છુન્દ્રી ::-** ગીરના જંગલમાં રાજઅમલ તળેટીમાં નિકળી આ નદી ઉના થઈ નવાબંદર આગળ અરબી સમુદ્રને મળે છે. પ્રતિ વર્ષે ૪૦૪૧૦ લાખ ઘનફુટ પાણી ઠાલવે છે.

ઉના તાલુકામાં દ્રોણ ગામે એક સીચાઈ તળાવ છે. જેનાથી ૬૫૦૦ એકર સીચાઈ થાય છે. નદી કાંઠાના ૧૦૦૩૫૨ એકર જમીનમાંથી ૧૧૯૪૧ એકર ખેડાણ લાયક છે. દ્રોણ ગામ પાસે આ નદી ના કાંઠે દ્રોણેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. ત્યાં પ્રકૃતિનું વાતાવરણ સુરમ્ય છે. ખળખળ વહેતી નદીનું મધુર સંગીત અને ઝુમી રહેલા વનરાજીથી અનેરૂ વાતાવરણ ખડું થાય છે. અનેક લોકો ત્યાં આગળ પર્યટન અર્થે જાય છે. ત્યાં શીલામાંથી સતત જળધોધ શિવલીંગ પર પડે છે. એ ખાસ અકર્ષણ છે. અને તેનાજ કાંઠે ઉના શહેર આવેલું છે. જેનો પાણીનો પુરવઠો નદીનેજ આભારી છે. ઉનાના પાદરમાં આ નદીનો વિશાળ પટ શહેરની સુંદરતામાં વધારો કરે છે. બંને કાંઠે ઉંચી ધારો પર ઝુકી જતાં વૃક્ષો જાણે નદી નાં વહેતા પાણીનું અભીવાદન કરવા હાથ પ્રસારતાં હોય તેવાં દીસે છે.

**દ્રોણેશ્વર ::-** ઉનાથી ૨૩ કી.મી. દુર આવેલ દ્રોણ ગામ નજીક મચ્છુન્દ્રી નદીના કાંઠે આશરે ૫૮૦૦ વર્ષેથી દ્રોણેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. દંતકથા મુજબ મહાભારતના યુધ્ધ પહેલા ગુરૂ દ્રોણ અહી પાંડવોની શોધખોળ કરવા આવેલા હતાં. તેમણે અહી શિવલીગની સ્થાપના કરી અને પોતાના નિત્યનિયમ મુજબ શિવલીગ પર ગંગાના જળની અભિષેક કરવાનો હોયને તેમણે એક શિલામાં તીર મારી ગંગાજીને પ્રગટાવ્યા હતાં. આજે પણ શિવલીગ પર એક શીલામાંથી અવિરત જળધારા વહેતીજ રહે છે. વર્ષો થયા એ જળધારાનો પ્રવાહ કદી ક્ષીણ થયો નથી. આ ગુપ્ત જળધારાનો પ્રવાહ સીધો શિવલીગ પરજ પડે છે. દ્રોણે સ્થાપના કરી એટલે ગામનું નામ દ્રોણ પડયું અને મહાદેવ દ્રોણેશ્વર કહેવાયા. હાલનું મંદીર સંવત ૧૬૩૦ માં બંધાવાયેલું છે. અને ગીરગઢડા પાસેના સાસર ગામના વતની મહેતા જેઠાભાઇ શામજીભાઈ ના ઘરે પુત્રજન્મ થવાથી આ દ્રોણેશ્વર મહાદેવનું મંદિર સવંત ૧૬૩૦ માં બંધાવાયેલું છે. તેમના વંસજો હાલમાં મહેતા મકનદાસ છગનલાલ તથા તેમના બે ભાઇઓ મહેતા ભગવનાદાસ છગનલાલ તથા મહેતા વૃજલાલ છગનલાલ હાલ ટીબીમાં રહે છે. આ હાલનો શીલાલેખ સંવત ૨૦૧૭માં બેસાડેલ છે.

શ્રી શંભુપસાદ હ. દેશાઈ એવી સંભાવના કરે છે કે સૌરાષ્ટ્રમાં વલભી સામ્રાજય વેળા ઈ.સં. ૪૯૯ થી ૫૧૯ દરમ્યાન થઈ ગયેલ પરમ માહેશ્વર દ્રોણ સીહ નામ પરથી આ ગામનું નામ દ્રોણ પડયું હોય કે તેણે વસાવેલ હોવાથી પડયું હોય તે વધારે શકય છે.

-::સ્કંદ પુરાણ::-

**" શ્રી દ્રોણેશ્વર મહાદેવ "**
**મુ. દ્રોણ તા. ઊના જી. જુનાગઢ**
**આપણો ઇતિહાસ**

**મચ્છુન્દ્રી ::-** ગીર વિસ્તારની લોકમાતા મચ્છુન્દ્રી નદી વિષે પૌરાણીક કથા પ્રાપ્ત થાય છે. આ પૌરાણીક કથા મુજબ દેવસ્થલ આગળ રૂષીઓનો આશ્રમ હતો. ત્યાં નદી ન હોવાથી રૂષીઓને સ્નાન વિધીમાં તકલીફ પડતી હોવાથી રૂષીઓએ બ્રહમાંને પ્રાથના કરી. બ્રહમાંએ ગંગા જમુના સરસ્વતી ચંદ્રભાગા નર્મદા સરયુ ગંડકી તાપી ક્ષીપ્રા ભાર્ગવતી આદી નદીઓને આદેશ આપ્યો કે તમો સહુ દેવસ્થલ આગળ પૃથ્વી તલમાં પ્રગટો તમામ નદીઓએ આદેશ મસ્તકે ચડાવ્યો રૂષીઓએ તેમને કમંડળમાં ઝીલી લઇ દેવદારૂ વનમાં છોડતાં નદી બની રૂષીઓના આગ્રહથી નિર્માણ થઇને રૂષીઓને પ્રસન્ન કર્યા માટે તે રૂષીતોયા નદી કહેવાણી.

રૂષીતોયા નદી વિષયક આ પૌરાણીક કથાનો આધાર બીજ મહાભારતમાંની ગંગા નદીની ઉત્પત્તી વિષયક કથામાં રહેલુ છે. સગર રાજા અશ્વમેઘને ઇન્દ્રે ઇન્દ્રાસન ખોવાની બીકથી કપીલ મુની તરફ અવિવેક દર્શાવ્યો. કપીલ મુનીની દ્રષ્ટી પડતાં તેઓ બધા બળીને ભસ્મ થઇ ગયાં. સગરનાં અવસાન બાદ તેમના પૌત્ર અંશુમાને તપોબળથી અશ્વ તો પાછો મેળવી લીધો પણ સાંઇઠ હજાર ( ૬૦,૦૦૦ ) પુર્વજોને જીવીત ના કરી શકયો. દિલીપના પુત્ર ભગીરથે તપથી શિવને પ્રસન્ન કર્યા આથી તેમને મુકત કરી પણ ગંગાના વેગથી જહનું રૂષીનો આશ્રમ તણાઇ જતાં તેઓ આખી નદીને પી ગયાં વળી ભગીરથે તપ કરી રૂષીઓને પ્રસન્ન કરતાં તેણે ગંગાને મુકત કરી. આથી ગંગા જાહનવી થી પણ ઓળખાય છે. અંતે ગંગાએ સગરના સાંઇઠ હજાર (૬૦,૦૦૦) પુત્રોને જીવંત કર્યા. આમ ભગીરથની તપશ્ચર્યા ફળી. ભગીરથના તપોબળથી ગંગાનું સ્વર્ગમાંથી અવતરણ થયું માટે તે ભગીરથી પણ કહેવાય છે.

પુરાણ કાળે આ કથાનો આધાર બીજ તરીકે લઇ રૂષીતોયાની કથાનું સર્જન થયું. ગંગા પેઠે તેનું પણ અવતરણ ભારતવર્ષની પ્રમુખ સરીતાઓના સમુહ પ્રવાહ રૂપે રૂષીઓના કમંડળમાં થયું. બ્રહમાંએ પોતાના કમંડળમાંથી ગંગાને મુકત કરેલી તેજ રીતે રૂષીઓએ આ નદીને મુકત કરી છે. ગંગાનું મહાત્મય આ રીતે આ નદીને પણ અપાયુ છે.

આ પૌરાણીક કથાને આજે લોકોએ સંપુર્ણ રીતે બદલી નાખી છે. લોકોમાં પ્રચલીત દંતકથા મુજબ તો આજે જયાંથી મચ્છુન્દ્રી નદી નીકળે છે ત્યાં નાથ સંપ્રદાયકના સ્થાપક મત્સ્યેન્દ્રનાથ નો આશ્રમ હતો.મત્સ્યેન્દ્રનાથે આ નદી ને ઉત્પન્ન કરેલી એ ડુંગર મચ્છુન્દ્રી કહેવાય છે. એટલે આજે નાથ સંપ્રદાયની અસર સુચવતી દંતકથાએ પુરાણકથાનું સ્થાન લીધુ છે.

મહંતશ્રી દેવગીરી ગુરુ વિરગીરી (બાપુ ) દ્રોણેશ્વર મહાદેવ (૧૯૭૨)

સૌરાષ્ટ્રની લોકમાતા
લેખક :- પ.પુ.શ્રી પુરસ્કર ચંદરવાકર અને તકતસીહ પરમાર
સંપકસુત્ર :- શ્રી લાખાભાઇ ઉકાભાઇ ઝાલા
પ્રમુખશ્રી
દ્રોણેશ્વર મહાદેવ મંદીર ટ્રસ્ટ
મો. ૯૮૨૪૪૭૦૮૦૯
શિયાળ ભરતભાઇ આર.
ભરત પાન સેન્ટર મુ. દ્રોણ તા. ઊના જી. જુનાગઢ